
**વડીલોને વંદન**

**અભિનંદન**



મહેન્દ્રભાઈ રાઠોડ
(૧૯૫૧) મો.૯૮૯૮૦૬૭૮૧૩

## આજે સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૫

દેવાધીદેવ મહાદેવના અગિયારમા રૂદ્ર અવતાર હનુમાનજી મહારાજની આરાધના અને ઉપાસના કરતા સુંદરકાંડના પાઠ આજે તા. ૬ઠ્ઠી ઓગષ્ટ-૨૦૧૩ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ભુવનેશ્વર મહાદેવ મંદિર, શોપીંગ સેન્ટર બાજુમાં, સેક્ટર-૬, ગાંધીનગર ખાતે સંજયભારતીની વ્યાસપીઠે યોજાશે.

## આજે બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા શિવ મહિમ્નના પાઠ

ગાંધીનગર, તા. ૫

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા પવિત્ર શ્રાવણ માસના પૂર્વ દિને આજે તા. ૬ ઓગષ્ટ-૨૦૧૩ના રોજ અમાસે રૂદ્રીપાઠ, અભિષેક અને શિવ મહિમ્નના પાઠ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન સોમનાથ મહાદેવ, બ્રહ્મભવન, સેક્ટર-૧૬ ગાંધીનગર ખાતે યોજાશે. શિવજીના ગુણગાન કરવા સર્વે બ્રહ્મ બહેનોને પ્રમુખ પ્રતિભાબેન દવેએ ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

## રાંધેજા ખાતે સર્વરોગ નિદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૫

સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે ૯મી ઓગષ્ટથી ૧૫મી ઓગષ્ટ દરમિયાન બધા જ પ્રકારના હઠીલા રોગોનો સર્વરોગ નિદાન શિબિર યોજાશે.

હઠીલા રોગો જેવા કે, ઓબેસિટી, ડાયાબિટીસ, દમ, આર્થરાઈટીસ (વા), માનસિક રોગ તથા ચામડીને સંબંધિત રોગો અંગેની કુદરતી ઉપચાર વિષયક માહિતી તથા સારવાર પહોંચાડવાના આશયથી સર્વરોગ શિબિર યોજાશે. આ અંગેનું રજીસ્ટ્રેશન સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર ખાતે કરવા જણાવાયું છે.

# જ્વેલર્સ દુકાનથી દાગીના ચોરનાર ભાઈ-બહેન ઝબ્બે

## ભાઈ બહેનની જોડી ગુજરાત ઉપરાંત અન્ય મોટા શહેરોમાં ગ્રાહક બનીને અનેક જગ્યાએ ચોરી કરી ચૂક્યા છે : હેવાલ

અમદાવાદ, તા.૦૫

અમદાવાદ ક્રાઈમબ્રાન્ચની ટીમે શહેરના સરદારનગર વિસ્તારમાં રહેતા ભાઈ-બહેન પૈકી બહેનની જ્વેલર્સની દુકાનમાંથી દાગીના ચોરી કર્યા હોવાના મામલે ધરપકડ કરી છે. આ બંને ભાઈ-બહેન ગુજરાતથી બહાર કોલકત્તા, હૈદરાબાદ, જલગાંવ, દિલ્હી, મુંબઈ, બેંગ્લોર અને ચેન્નાઈ જેવા મોટા શહેરોમાં જ્વેલર્સની દુકાનમાં ગ્રાહક બનીને દુકાનના કર્મચારીની નજરોથી છટકીને દાગીના ચોરી કર્યાની મામલામાં અગાઉ પણ પકડાય ચુકેલ છે .હાલમાં જ હૈદરાબાદના એક મામલામાં ભાઈ-બહેન પૈકી બહેનની ધરપકડ કરાઈ છે. આ મામલામાં જામીનથી છુટ્યા પછી ફરીથી તેઓ ચોરી કરવા લાગ્યા હોવાનો ખુલાસો થયો છે.

અમદાવાદ ક્રાઈમબ્રાન્ચ તરફથી મળેલી માહિતી અનુસાર, પશ્ચિમ બંગાળના કોલકત્તા શહેરમાં લોર્ડ સિન્હા રોડ પર આવેલ એમબી સન્સ જ્વેલર્સ એન્ડ ડાયમંડ મર્ચન્ટ નામની જ્વેલર્સની દુકાનમાંથી ગત ૨૩ જુલાઈના રોજ ૧૩ લાખ રૂપિયાના ગોલ્ડન ડાયમડ નેકલેશ તેમજ ઈયરીંગ્સ નંગ-૨ ના સેટની ચોરી થઈ હતી. આ બનાવનો ગુનો કોલકત્તા સેક્સપિયર સર પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. આ મામલા અંતર્ગત કોલકત્તા શહેરના પીએસઆઈએ અમદાવાદ ક્રાઈમબ્રાન્ચનો સંપર્ક સાધઈને તેમની મદદ લીધી. પોલીસે જ્વેલર્સની દુકાનના સીસી ટીવી કેમેરાના ફુટેજ તેમજ આ પ્રકારના એક હૈદરાબાદમાં થયેલ મામલામાં અમદાવાદના પકડાયેલ શખ્સોની જાણકારીના આદારે તપાસ શરૂ કરી. જેમાં પોલીસને છારાનગર, સિંગલી ચાલીની રહેવાસી પુનમબેન કાર્તિકભાઈ કોડેકરને શોધી કાઢ્યા. જ્યાં પૂછરપછમાં પૂનમે કોલકત્તાના જ્વેલર્સની દુકાનમાં થયેલ ચોરીની કબુલાત કરી ત્યારબાદ કોલકત્તાના શોરૂમથી ચોરાયેલ સેટને જપ્ત કરીને તેણીની ધરપકડ કરી જ્યારે તેનો ભાઈ ચંદ્રકાત વિનોદભાઈ પરમાર ફરાર હોવાથી તેને પકડી પાડવામાં ક્રાઈમબ્રાન્ચની ટીમે તપાસ હાથ ધરી છે. અમદાવાદ ક્રાઈમબ્રાન્ચ તરફથી મળતી વિગત અનુસાર આ બંને ભાઈ-બહેન અગાઉ આંધ્રપ્રદેશના હૈદરાબાદમાં ૨૪ લાખના ડાયમંડ અને ગોલ્ડન નેક્લેસની ચોરીના મામલામાં પકડાઈ ચુક્યા છે આ મામલામાં તેમને જેલમાં મોકલવામાં આવ્યા હતા. ગત બે મહિના પહેલા જ તેમને જામીન પર છુટકારો મળ્યો હતો. પોલીસે જણાવ્યું કે પૂનમ દુકાનદારોની નજરોથી છટકીને દાગીના પોતાના કપડામાં છુપાડવામાં જાણીતી છે. હાલમાં ક્રાઈમબ્રાન્ચની ટીમ અન્ય આરોપી ચંદ્રકાંતને પકડવામાં તજવીજ હાથ ધરી છે.

# સૌરાષ્ટ્ર કચ્છના કોંગી ધારાસભ્યોની બેઠકમાં લોકસભા ચૂંટણી અંગે ચર્ચા

ગાંધીનગર, તા.૫

સૌરાષ્ટ્ર કચ્છના ધારાસભ્યો સાથે આજે વિપક્ષના નેતાની મળેલી બેઠકમાં આગામી લોકસભા ચૂંટણીની તૈયારી માટેની વ્યુહરચના ઘડવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં કોંગ્રેસનો દેખાવ મોદી સામે સ્પર્ધાત્મક રહે તેવો કરવાની સ્પષ્ટ ચેતવણી કોંગ્રેસ મોવડીમંડળે આપી છે. જેના પગલે સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે પ્રભારી ગુરૂદાસ કામતે જિલ્લા દીઠ બેઠકોનો દોર પૂરો કર્યો છે. હવે ધારાસભ્યો સાથે બેઠક યોજીને આગામી લોકસભાની ચૂંટણીમાં કેવા પ્રકારની તૈયારીની જરૂર છે તેમજ કેવા પ્રકારના સ્થાનિક લોક પ્રશ્નો અને સંગઠનના પ્રશ્નો છે તેની ચર્ચા કરવામાં આવે છે.

ગાંધીનગર ખાતે આજે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં સૌરાષ્ટ્ર કચ્છના કોંગ્રેસના ધારાસભ્યોની એક બેઠક મળી હતી. જેમાં તેમના મત વિસ્તારના સંગઠનની સ્થાનિક સ્તરે સંગઠનને મજબૂત કરવા માટે જરુરી ફેરફાર અને પગલાની માહિતી મેળવવામાં આવી હતી.

આ ઉપરાંત શિક્ષણ કૃષિ આરોગ્ય જેવા લોકોને સીધા સ્પર્શતા ક્ષેત્રોમાં કેવી સ્થિતિ પ્રવર્તે છે તેની જાણકારી પણ ધારાસભ્યો સાથે ચર્ચા કરીને મેળવવામાં આવી હતી. ધારાસભ્યોને આ ક્ષેત્રોમાં ભાજપ સરકાર દ્વારા આચરવામાં આવેલ ભ્રષ્ટાચારને બહાર લાવવાની પ્રજા સમક્ષ કેવી રીતે મૂકી શકાય તેની પણ ધારાસભ્યો સાથે ચર્ચા કરવામાં આવી હતી. આવતીકાલે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ધારાસભ્યો સાથે બેઠક યોજીને આ તમામ પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવશે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા આગામી લોકસભા ચૂંટણી અંગે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને ચૂંટણીને ધ્યાને રાખીને સ્થાનિક કક્ષાએ સંગઠનમાં ધરખમ ફેરફારો કરવાનો તખ્તો પણ ગોઠવી કાઢયો છે.

# રાજ્ય કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ ભૂજમાં યોજાશે

ગાંધીનગર, તા.૦૫

૬૭માં સ્વાતંત્ર પર્વ, આગામી ૧૫મી ઓગસ્ટે રાજ્યકક્ષાનો ધ્વજવંદન સમારોહ કચ્છ જિલ્લા મુખ્યમથક ભૂજ ખાતે યોજાશે. મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદી રાજ્યકક્ષાના મુખ્ય સમારોહમાં ધ્વજવંદન કરાવશે. જિલ્લાકક્ષાના ધ્વજવંદન કાર્યક્રમો તાલુકાના મુખ્યમથકોએ યોજવામાં આવશે, તદઉપરાંત દશ જિલ્લાઓના તાલુકા મથકોએ જિલ્લા કલેક્ટરોના હસ્તે ધ્વજવંદન કરાશે. આ તાલુકાઓમાં કલેક્ટર, પોરબંદર-પોરબંદરમાં, કલેક્ટર અમદાવાદ-બાવળામાં, કલેક્ટર ગાંધીનગર કલોલમાં, કલેક્ટર પાટણ, સિદ્ધપુરમાં, કલેક્ટર ખેડા, ખેડા શહેરમાં, કલેક્ટર નર્મદા-નાંદોદમાં, કલેક્ટર તાપી-વાલોડમાં અને કલેક્ટર નવસારી-ચિખલીમાં તથા કલેક્ટર વલસાડ-વલસાડમાં તેમજ કલેક્ટર ડાંગ-આહવામાં ધ્વજવંદન કરાવશે. કઈ જગ્યાએ કોણ ધ્વજવંદન કરાવશે તે આ પ્રમાણે રહેશે.

| મંત્રી | ધ્વજવંદન કાર્યક્રમનું સ્થળ |
|---|---|
| નીતિનભાઈ પટેલ | સુરત, બારડોરી |
| આનંદીબેન પટેલ | બનાસકાંઠા, કાંતીવાડા |
| રમણભાઈ વોરા | પંચમહાલ, કાલોલ |
| ભુપેન્દ્રસિંહજી ચુડાસમા | સાબરકાંઠા, ખેડબ્રહ્મા |
| સૌરભભાઈ પટેલ | મહેસાણા, ખેરાલુ |
| ગણપતભાઈ વસાવા | દાહોદ, ગરબાડા |
| બાબુબાઈ બોખીરીયા | રાજકોટ, ગોંડલ |
| પરબતભાઈ પટેલ | આમંદ, પેટલાદ |
| વસુબેન ત્રિવેદી | ભરૂચ, હાંસોટ |
| પ્રદીપસિંહજી જાડેજા | વડોદરા, પાદરા |
| લીલાધરભાઈ વાઘેલા | સુરેન્દ્રનગર, સાયલા |
| રજનીકાંતભાઈ પટેલ | ભાવનગર, વલ્લભીપુર |
| ગોવિંદભાઈ પટેલ | જુનાગઢ, માળીયા હટીના |
| નાનુભાઈ વાનાણી | અમરેલી, ખાંભા |
| જયંતિભાઈ કવાડિયા | જામનગર, લાલપુર |

# જીવ જોખમમાં નાખી યુવાને નદીમાં ઝંપલાવ્યું

## પંચાયતની પાણીમાં તણાતી પાઈપ પાછી લાવ્યો

ઉમરેઠ, તા. ૫

ઉપરવાસમાં વરસેલા ભારે વરસાદ અને ડેમમાંથી છોડવામાં આવેલા પાણીથી મહિસાગર નદીએ રોદ્ર સ્વરૂપ ધારણ કરતા પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. શનિવારે ધસમસતા પાણીના પ્રવાહે સેવાલીયા (પાલી) ગ્રામ પંચાયત તરફથી પીવાના પાણી માટે નાંખવામાં આવેલી પાઈપ પાણીના પ્રવાહમાં તણાવા લાગી હતી. તેની જાણ પાલી પંચાયતના સભ્ય ઈરફાન સૈયદને થતાં ક્ષણનો પણ વિલંબ કર્યા વગર ૭૦ ફૂટ ઊંચા પૂલ પરથી પાણીમાં છલાંગ લગાવીને પાણીમાં તણાતી જતી પાઈપને પકડી સલામત જગ્યાએ લાવી ફરીથી પાણીના પ્રવામાં ખેંચાઈ ન જાય તે માટે મજબુત દોરડાથી બાંધી દીધી હતી.

પોતાના જીવની પણ પરવા કર્યા વગર તણાતી પાઈપને ખેંચી લાવી પંચાયતને થતુ નુકશાન અટકાવ્યું હતું. પાલી ગામના યુવાન ઈરફાન સૈયદની હિંમત જોઈને લોકો દંગ રહી ગયા હતા.



દશામાના વ્રતના આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ઉમરેઠ શહેરની દુકાનોમાં અદ્‌ભુત કારીગરી ધરાવતી નયનરમ્ય દશામાની મૂર્તિઓ તેમજ અન્ય પૂજાપાનો સામાન ખરીદવા વ્રત કરનારી બહેનો બજારમાં ઉમટી પડેલ નજરે ચડે છે. (તસવીર : શહીદ ચૌહાણ, ઉમરેઠ)

# વીજ કરંટ લાગતા એક જ ઘરના ત્રણ સભ્યોના મોત

અમદાવાદ, તા.૦૫


આણંદના જોળ ગામે એક જ પરિવારના ત્રણ સભ્યોને વીજ કરંટ લાગતા કરૂણ મોત નીપજ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. એકબીજાને કરંટમાંથી મુકત કરાવવાના પ્રયત્નમાં ત્રણેય સભ્યો વીજ કરંટમાં સપડાતા તમામ મોત થયું હતું.

મળતી વિગત અનુસાર, ઘરની વહુ જ્યારે કપડા સુકાવા ગયા ત્યારે તેમને એકાએક વીજ કરંટ લાગ્યો હતો. પોતાની પુત્રી સમાન વહુને વીજ કરંટથી છોડાવવા માટે તેમના સાસુએ પ્રયત્ન કર્યો હતો. જ્યાં બંને સાસુ-વહુને વીજ કરંટમાં સપડાયા હતા. આ બનાવવી જાણ સસરાને થતાં જ તેમણે પણ બંનેને છોડાવવાના પ્રયત્નો હાથ ધર્યા હતા. જ્યાં તેઓ પણ આઓ વીજ કરંટમાં સપડાતા તેમનું મોત નીપજ્યું હતું. આમ વીજ કરંટથી એક જ પરિવારના ત્રણેય સભ્યોના મોત થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.



પાલનપુર ખાતે આજરોજ યુવા આઝાદી ચળવળ ગ્રુપ દ્વારા શિક્ષણના થઈ રહેલા વેપારીકરણનાં વિરોધમાં અને ગેરકાયદેસર રીતે ઉઘરાવવામાં આવતો ફી વધારો પાછો મેળવવાના મુદ્દે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવા આઝાદી ગ્રુપ દ્વારા પ્રજાને જાગૃત કરવાનાં ઉદ્દેશ થકી વિવિધ ઝુંબેશો ચલાવવામાં આવતી હોય છે. જેના ભાગરૂપે શિક્ષણના થઈ રહેલા વેપારીકરણના વિરોધમાં અને ગેરકાયદેસર રીતે ઉઘરાવવામાં આવતો ફી વધારો પાછો મેળવવાનાં મુદ્દે વાલીઓમાં જાગૃતિ લાવવાનાં ઉદ્દેશ થકી આગામી તા. ૧૮ ઓગષ્ટનાં રોજ એક વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનનાં ભાગરૂપે આજરોજ પાલનપુર ખાતે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. જેમાં વિગતો આપતા ગુજરાત આઝાદી ચળવળ ગ્રુપનાં કન્વીનર મનીષ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે આ વાલી સંમેલનમાં જોડાવવા માટે વાલીઓએ ૧૮મી ઓગષ્ટ સુધીમાં ૦૨ ૨ ૩૩૫ ૯૮૫૦૩ નંબર ઉપર મીસકોલ દ્વારા પોતાનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જેના થકી પાલનપુર ખાતે એકત્ર થયેલા વાલીઓના મંતવ્યો લઈ આ શિક્ષણના થતા વેપારીકરણને અટકાવવાનાં પ્રયાસો હાથ ધરવામાં આવશે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## શબ્દાવલી - ૫૧૪૧



### આડી ચાવી

૧. ભરૂચમાં એક જોવાલાયક વિખ્યાત સ્થળ (૫)
૪. માલિક (૨)
૬. ધન્ય થઈ જવું ... થઈ જવું (૨)
૭. કલેજુ, કલેવર (૩)
૮. ... કરવું, એકત્ર કરી ગોઠવવું (૪)
૯. નમનની મુદ્રા... કરવા (૪)
૧૧. સલામી, ... કરવી (૩)
૧૪. સોમ-મંગળ, બુદ્ધ વગેરે... કહેવાય (૨)
૧૬. નમેલુ (૨)
૧૭. રિક્ત (૨)
૧૮. મુગટ, મુકુટ (૨)
૧૯. વરીયાળી જોડે મુખવાસમાં આ બિયા ખવાય (૨)
૨૦. કુન્તી પુત્ર કર્ણને મળેલ બિરૂદ (૪)
૨૨. હરાજી (૩)
૨૩. દુનિયા, જંગ (૩)

### ઊભી ચાવી

૧. લગ્નમાં દીકરીનો હાથ જમાઈને સોંપે તે (૪)
૨. ખરીદેલ વસ્તુનું... લેવું જોઈએ (૨)
૩. કાપડ વણવાનું કામ કરે તેને ... કહે છે (૪)
૪. કલંક, ખોટો આરોપ (૨)
૫. એક સૂકો મેવો (૨)
૭. ધાર કાઢવાનું લોખંડનું ઓજાર (૩)
૮. બાળકને જેવા... આપે તેવા જ બાળકો થાય (૩)
૧૦. રખડુ, ટપોરી (૩)
૧૨. ધિક્કાર (૩)
૧૩. ગરજુડા, સ્વાર્થી (૪)
૧૫. ... સાથે વરસાદ, ગર્જના (૪)
૧૭. નાનો ખાટલો (૩)
૧૮. જોમ, જુસ્સો (૨)
૨૦. પૈસા, ધન (૨)
૨૧. નાડી, નસ (૨)

### શબ્દાવલી ૫૧૪૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) બબુચક (૪) મયૂર (૬) જડ (૭) ડફલી (૮) રથ (૯) લપડાક (૧૨) દયા (૧૪) રટણ (૧૫) ગોડસે (૧૬) કિંમતી (૧૯) વોટ (૨૧) કરણ (૨૨) નફરત

**ઊભી ચાવી :-** (૧) બજર (૨) બુડથલ (૩) કડકડાટ (૪) મલીન (૫) રમતિયાળ (૧૦) પરસેવો (૧૧) કણકી (૧૩) વગોવણી (૧૭) મકર (૧૮) તીરત (૨૦) ટન

# નશામાં ધૂત ત્રણ નબીરાઓને દારૂની બોટલો સાથે પકડ્યા

અમદાવાદ, તા.૦૫

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂની મહેફીલ માણતા લોકોને પકડી પડાયા હોવાની ઘટના અવારનવાર પ્રકાશમાં આવતી હોય છે ત્યારે ગત મોડી રાત્રે વસ્ત્રાપુર પોલીસને ખાનગી બાતમીના આધારે બોડકદેવ વિસ્તારની સંસ્કાર વિદ્યાલય પાસેના ઔડાના પ્લોટમાં દારૂનું વેચાણ કરતા ત્રણ નબીરાને ૧૭ દારૂની બોટલ સાથે ઝડપી પડ્યા છે. તપાસમાં ત્રણેય શખ્સોએ પણ દારૂ પીધેલો હોવાનું માલમુ પડ્યું હતું. જ્યાં પોલીસ અધિકારીએ બે અલગ અલગ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. વસ્ત્રાપુર પોલીસને ખાનગી બાતમીના આધારે બોડકદેવ વિસ્તારની સંસ્કાર વિદ્યાલય પાસે આવેલા ઔડાના પ્લોટમાં દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન ત્રણેય નબીરા હર્ષદ ઉર્ફે લાલો જાદવગીરી ગોસ્વામી (ઉ.૨૫), વિજય ઉર્ફે વિજયો ગોસ્વામી (ઉ.૨૯) અને ભદ્રેશગીરી જયંતિગીરી ગોસ્વામી (ઉ.૩૨) ઔડાના પ્લોટમાં દારૂને ભંગારની અંદર છુપાવીને દારૂનું વેચાણ કરતા હોવાનું જાણવા મળ્યું હતું જ્યાં તપાસમાં ત્રણેય નબીરા પાસેથી ઈંગ્લિશ દારૂની ૧૭ બોટલ મળી આવી હતી. કે જેની મુદ્દામાલ કિંતમ ૮૦૦૦ છે સાથે જ ત્રણેય શખ્સોએ પણ દારૂનું સેવન કર્યુ હોવાનું જણાયું હતું.

ત્રણેયને વસ્ત્રાપુર પોલીસે ત્રણ મોબાઈલ તેમજ રોકડ રકમ અને ૧૭ ઈંગ્લિસ દારૂની બોટલ સાથે પકડી પડાયા હતા. જ્યાં આજરોજ તેમને કોર્ટમાં રજુ કરાયા હતા. ત્યાં આરોપીઓને ૧ દિવસના રીમાન્ડ પર રાખવાની મંજુરી મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પકડાયેલ ત્રણેય આરોપી પણ અગાઉ અલગ અલગ ગુનાના અંતર્ગત જેલની હવા ખાઈ ચુક્યા છે.

## કેન્દ્રને ખોટી રીતે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૮.૪૨ લાખ હેક્ટરના પિયત વિસ્તારમાંથી માત્ર ૭.૧૯ લાખ હેક્ટરમાં જ નહેરો બની શકેલ છે અને તે પણ એવી કે સિંચાઈ માટેની સંભાવના ઉત્પન્ન થઈ છે. નહીં કે સિંચાઈના પાણીની ઉપલબ્ધિ. ગુજરાતના મુખ્યમંત્રીએ પોતાના પત્રમાં એ બાબતનો પણ એકરાર કરેલ છે કે, ડિસેમ્બર-૨૦૧૨માં આખા પિયત વિસ્તારમાં નહેરો બનાવવાની પોતાની જાહેરાત સામે પોતાના સત્તાકાળ દરમ્યાન કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ નથી. સરકારે ૨૦૧૦માં બધી નહેરોનું કામ પૂર્ણ કરીશું તેવા બણગાં ફૂંક્યા હતા. વાઘેલાએ કેગના અહેવાલો ટાંકતા જણાવ્યું છે કે, કેન્દ્રએ આપેલ નાણાંકીય સહાયના નાણાં સંબંધે ગુજરાતની ભાજપ સરકારે ગેરરીતીઓ આચરેલ છે. કેન્દ્ર તમામ રાજ્યોમાં નહેરોના બાંધકામ માટે એઆઈબીપી યોજના અંતર્ગત નાણાંકીય સહાય આપે છે અને ગુજરાતને ઓછામાં ઓછી રૂા. ૩,૦૦૦ કરોડની સહાય છેલ્લા ૬ વર્ષમાં આપેલ છે, પરંતુ તેનો કોઈ હિસાબ કે તે નાણાં સંબંધિત હેતુ માટે જ વપરાયાં હોવા સંબંધી જરૂરી પ્રમાણપત્રો ગુજરાત સરકારે આપેલ ન હોઈ સહાયના આગલા હપ્તા તે મેળવી શકતી નથી, જેના માટે આ ભ્રષ્ટ સરકાર સીધી જવાબદાર છે.

# મણિનગરમાં સંપત્તિ ખરીદવા બહાને ૪૨ લાખની છેતરપિંડી

અમદાવાદ, તા.૦૫

મણિનગરમાં મિલ્કત ખરીદવાના બહાને ૪૨ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનો ચોંકાવનારો મામલો સપાટી પર આવ્યો છે. આ સંબંધમાં ઠગાઈમાં સક્રિય રહેલી ટોળકી સામે ક્રાઈમ બ્રાંચમાં વિધિવત ફરિયાદ દાખલ કરવામાં આવી છે. નાઈઝીરીયન ફ્રોડનો વધુ એક કિસ્સો સપાટી પર આવ્યો છે. જગ્યા વેચવા માટે જાહેરાત આપનાર સાથે આ ઠગાઈ કરાઈ છે.

નાઈઝેરીયન ટોળકીએ ઊંચી કિંમતમાં સંપત્તિ ખરીદવાની લાલચ આપીને શહેરના એક હેલ્થ કલબ માલિકને ૪૨ લાખ રૂપિયાની છેતરપિંડી કરતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. ક્રાઈમબ્રાન્ચે આ મામલા અંગે પત્રકાર પરિષદ યોજીને આ પ્રકારના છેતરપિંડના બનાવની જાણકારી આપીને આરોપીઓને પકડવાની તજવીજ શરૂ કરી દીધી છે. આજરોજ યોજાયેલી ક્રાઈમબ્રાન્ચની પત્રકાર પરીષદમાંથી મળેલી વિગત અનુસાર, શહેરના દત્તા ભોયટેના નામના વ્યક્તિ મણિનગર વિસ્તારના ગોપાલ ટાવર પાસે મંગલમય કોમ્પલેક્ષમાં ત્રીજા અને ચોથા માળે હલ્થ કલબ ચલાવેછે. પોતાની જગ્યા વેચવાના હેતુસર તેમણે ગત ડિસેમ્બર-જાન્યુઆરી ૨૦૧૨માં ખરીદ વેચાણની એક વેબસાઈટ પર જાહેરાત આપી હતી. જાહેરાત બાદ વિન્સેન્ટ નાના અને બેરીસ્ટર સ્મીથએ તેમનો ફોન મારફતે સંપર્ક સાધીને મિલકત ખરીદવા અંગે રસ દર્શાવ્યો હતો. ત્યારબાદ ડેનીયન જોય અને બીશોપ નામના અજાણ્યા નીગ્રો જેવા દેખાતા અને પોતે અમેરીકન એમ્બેસીન અધિકારી હોવાની ખોટી ઓળખ આપીને તેમની સાથે મિલકતની ખરીદી મામલે એક સ્કવેર ફીટના રૂા. ૨૦,૦૦૦ ના ભાવે કુલ રૂા. ૨૬ કરોડનો ભાવ નક્કી કરીને મુલાકાત લીધી હતી. બંને નીગ્રો શખ્સોના પરત ગયા બાદ કૌશી ગ્રેસે નામની યવિતિએ તેમનો ફોન પર સંપર્ક હતો.

## શ્રાવણ માસે શિવ મહિમ્ન સ્તોત્રના પાઠ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૫-એ, ખાતે આવેલા શ્રી પંચમુખી મહાદેવ મંદિરમાં શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં દરરોજ સવારે ૭.૩૦ થી ૮ વાગ્યા દરમિયાન શિવમહિમ્ન સ્ત્રોતના પાઠ રાખવામાં આવ્યા છે. ધાર્મિક કાર્યક્રમનો દરેક નગરજનો લાભ લે તેવું મંદિરના ટ્રસ્ટના પ્રમુખ દ્વારા જણાવાયું છે.

## તંત્ર મિશન મોડ પર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લા કલેકટરશ્રીએ આરોગ્ય તંત્રને પણ તેની સેવાઓના સઘનીકરણ પર ભાર મુકયો હતો અને પેયજળના કલોરીનેશનની ચકાસણી નિયમિત થાય તેમજ દર્દીઓને સમયસર સારવાર મળે તે જોવા જણાવ્યું હતું. બ્લડ સેમ્પલીંગની કામગીરી ધીમી હોવા અંગે ટકોર કરી સ્ક્રીનીંગની કામગીરી ઝડપી બનાવવા પણ તેમણે જણાવ્યું હતું.

શહેરમાં સફાઈની કામગીરીનું મોનીટરીંગ પણ કમિશનરશ્રી દ્વારા વધુ સઘન બને તે જોવાનો આગ્રહ કર્યો હતો.

## પૂર્ણ પણે ઉપયોગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત આયોજન પ્રભાગ હેઠળ કાર્યરત સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ સોસાયટી દ્વારા બાળસેગ થકી હાથ ધરાયેલ કાર્યવાહીની ગુણાત્મક ચકાસણી થાય તે દિશામાં વિચારવા પણ સૂચન કરવામાં આવ્યું હતુ.

દરેક વિભાગો કોઈને કોઈ રીતે સામાજિક ઉત્થાનના કાર્ય સાથે સંકળાયેલા છે તે જોતાં દરેક વિભાગોએ બાળસેગ સવલતોનો ઉપયોગ કરીને સામાજીક ઉત્થાનની પ્રવૃત્તિઓમાં કઈ રીતે ગુણાત્મક અને સંખ્યાત્મક સુધારો લાવી શકાય તે વિચારવા વિભાગોને સૂચના આપવામાં આવી છે.

આ બેઠકમાં ઉપસ્થિત એક સચિવે એવું મંતવ્ય વ્યક્ત કર્યુ હતું કે સચિવાલયના વહીવટી વિભાગો બાયસેગ ખાતે ઉપલબ્ધ સવલતોની સ્થળ મુલાકાત લે તે જરૂરી છે. જેથી કરીને આ સવલતોનો જે તે વિભાગ દ્વારા હાથ ધરાયેલ પ્રવૃત્તિમાં કઈ રીતે કાર્યક્ષમ ઉપયોગ શક્ય બને તે અંગે વિચારી શકાય.

ત્રણ વર્ષ અગાઉ વીલેજ એસેટ્સનો ડેટાબેજ બાયસેગના માધ્યમ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. બાળસેગ હવે આ ડેટાબેઝને અપડેટ કરવા માટેનું મોડ્યુલ તૈયાર કર્યુ છે. જે થકી આ વિગતો અપડેટ થશે અને આ એસેટસનું લોકેશન પણ જાણી શકાશે.